# ‘આંદોલન છોડી દેજે, નહી તો ઉડાવી દઈશું’ ઉઠાવી જનારાઓએ ધમકી આપી હોવાનો હાર્દિકનો દાવો

મોડાસા, તા.૨૩

ગઈકાલે અરવલ્લી જીલા ના બાયડ તાલુકા ના તેનપુર ગામે થી નાટયાત્મક રીતે ગુમ થયા બાદ પ્રથમ વાર હાર્દીક પટેલે મીડીયા ને જણાવ્યુ હતુ કે અમે સાથી મિત્રો સભા પતાવીને નીકળય્ ત્યારે મને સ્વિફટ ગાડી માં થી ઉટાવી લેવામાં આવ્યો હતો અરવલ્લી થી મને આખી રાત કારમાં ફેરવવામાં આવ્યો હતો કારમાં બેઠેલા વ્યકતિઓએ મને ધાકધમકી આપવામાં આવતી હતી તેઓ કહેતા હતા કે આ લાસ્ટ વોર્નીગ છે આંદોલન છોડી દેજે નહિતો હવે ટોકી દેવામાં આવશે વધુ માં હાર્દીકે જણાવ્યુ હતુ કે મને ઉઠાવી જનારા પોલીસ હતા કે કોણ તે મને ખબર નથી પણ તેમની પાસે રીવોલ્વર હતી જયારે હાર્દીકે તેને ઉઠાવી જનારા શખ્સો કોણ છે. એ જાહેર કરવાની માંગ કરી હતી.

જયારે હાર્દીકે હળવદ પાટીદાર અનામત આંદોલન સમીતી ના સભ્યો નુ કોલ કરી ને જણાવ્યુ હતુ કે હુ ધાગ્રંધ્રા છુ. જયારે બીજી બાજુ સતત આખીરાત પોલીસ ધ્વારા ધ્વારા જુદી જુદી જગ્યાએ સર્ચ ઓપરેશન હાથ ધરી ને હાર્દીક ના મહત્વના ગણાતા સાથીઓ ની ધરપકડ કરી હતી. જયારે બીબજી બાજુ હાર્દીક મળી આવ્યા ના સમાચાર વહેતા થતાં સરકારમાં પણ મીટીગો નો ધમધમાટ શરૂ થઈ ગયો છે.

અરવલ્લી માં થી પોલીસ થી બચીને હાર્દીક ના સાથીઓ ચિરાગ પટેલ અતુલ પટેલ અને દશરથ પટેલ અમદાવાદ પહોચી ગયા હતા આણલુ જ નહી તેમણે અમદાવાદ ના શાહીબાગ ખાતે આવેલા સ્પેકટ્રમ ટાવર માં પત્રકાર પરીષદ યોજી હતી અને પત્રકાર પરીષદ શરૂ કરે તે પહેલા અરવલ્લી પોલીસ અને અમદાવાદ એસઓજી ને ટીમે આ ત્રણેય જણને પકડી પાડયા હતા જયારે પોલીસ અને આ લોકો વચ્ચે કોઈપણ જતાનુ ઘર્ષણ ના થાયા તે માટે ત્રણેય ને લઈ ને પોલીસ અરવલ્લી ના ધનસુરા પોલીસ સ્ટેશન ખાતે લઈ ને પહોચી ગઈ હતી જયારે બીજીબ ાજુ પોલીસે હાર્દીક સંભવીત આશ્રીત સ્થાનો પર પણ વોચ ગોઠવી દીધી હતી.

અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના તેનપુરખાતે તારીખ ૨૨ ના રોજ પાટીદારોની મહારેલી પછી થયેલા દમણમાં શહીદ થયેલા પાટીદારોને શ્રધ્ધાંજલી આપવાના કાર્યક્રમમાં હાર્દિક પટેલ હાજર રહેવાનો હોવાથી તેનપુરગામ પોલિસ છાવણીમાં ફેરવાયુ હતુ . અને સભા વીના મંજુરીએ યોજવામાં આવેલ હોવાથી સભાના મુખ્ય મહેમાન હાર્દિક પટેલની ધરપકડ કરવાની તજવીજ પોલીસ તંત્રદ્વારા સવારથી જ હાથ ધરવામાં આવી હતી. પરંતુ આ તમામ બંદોબસ્તને ચેલેન્જ આપી તેનપુર ગામના પાટીદારોના માસ્ટર માઈન્ડથી હાર્દિક પટેલને અંતરીયાળ રસ્તાઓ પર લાવી સભા પુરી થતાં જ અંતરીયાળ વિસ્તારે પરત મોકલી દેવામાં આવ્યો હતો. આટલો બધો પોલીસ બંદોબસ્ત હોવા છતાં પોલીસના નાક નીચે થી હાર્દિક હાથતાળી આપી નીકળી જતાં પાલીસનું નાક વઢાયુ હતુ. આવી શરમજનક ઘટના બનતા પોલીસે કોમ્બીન્ગ હાથ ધરી આ સભાનું આયોજન કરનારા પાટીદારો અને હાર્દિક પટેલ સહિત ૨૭ જણાં અને ૪૦૦૦ હજારના ટોળા સામે કલમ ૧૮૮ અને ૧૩૫ મુજબ ફરીયાદ આંબલીયારા પોલીસસ્ટેશનમાં ફરીયાદ દાખલ કરવામાં આવી હતી.મોડીરાત સુધી કોબીંગ હાથ ધરી પોલીસે ૨૨ વ્યકિતઓની અટકાયત કરવામાં આવી હતી. જે તમામને આજરોજ બાયડ કોર્ટ માં રજુ કરવાના હતા પરંતુ બાયડ કોર્ટના ન્યાયાધીશ રજા પર હોવાથી મોડાસા જ્યુડીશીયલ કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતા.આટકાયત કરાયેલા તમામ આરોપીઓએ ઝડપથી જામીન માટે કોર્ટમાં રજુ કરવા હોબાળો મચાવતા ધનસુરા પોલીસસ્ટેશને મામલો ગરમાવ્યો હતો. પરંતુ થોડીજવારમાં પોલીસ તંત્રએ આ મામલાને થાળે પાડ્યો હતો.આ તમામ આરોપીઓને ચુસ્ત બંદોબસ્ત સાથે મોડાસા કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતા. અને મોડાસા જ્યુડીશીયલ કોર્ટે પાંચ હજારના બોન્ડ પર જામીન આપી આરોપીઓને મુક્ત કર્યા હતા.

### હળવદથી અમદાવાદ સુધી પોલીસની નાકાબંધી

હાર્દીક હળવદ ની આસપાસ હોવાની વાતને પગલે હળવદ થી અમદાવાદ સુધી તમામ રસ્તાઓ પર પોલીસે નાકાબંધી કરી દીધી છે. દરેક ગાડીઓને રોકીને તેમાં બેસેલ તમામ લોકોની પોલીસ તપાસ કરી રહી છે.

### લોકેશન તો મળ્યુ પણ હાર્દિક હજુ ગાયબ

ગઈકાલે નાટયાત્મક રીતે ગુમ થયેલા હાર્દીક પટેલ આજે હદવદ માં હવોાનુ બહાર આવ્યુ છે. ત્યારે લોકેશ મળ્યા ના કલાકો બાદ પણ હાર્દીક હજુ પોલીસ પકડ થી દુર છે. હાર્દીક નુ લોકોશન મળતા જ પોલીસ નો કાફલો હળવદ માં ખડકી દેવામાં આવ્યો હતો પરંતુ હાર્દીક હજુ પણ પોલીસ પકડ થી દુર છે બીજી બાજુ આધારભુત સુત્રો તરફથી મળતી માહીતી મુજબ જજે હાર્દીક ને પોતાના બગલે રજુ કરવાની ના પાડી દેતા આવતીકાલે હાર્દીક ને કામકાજ ના સમયે જ કોર્ટ માં રજુ કરવામાં આવશે જયારે મળતી માહિતી મુજબ હાર્દીક ના વકીલ માંગુકીયા ની પણ હાર્દીક નુ લોકેશન મેળવવા માટે પોલીસે અટકાયત કરી હતી.

## ગઈકાલે તેનપુર ગામેથી નાટયાત્મક રીતે ગુમ થયેલો હાર્દિક ધાંગ્રધાથી મળી આવ્યો : હાર્દિકે પોતે સ્ટંટ કરી પોતાને મુકત કર્યો હોવાનો દાવો કરી રહ્યો છે : મયુર ચાવડા (અરવલ્લી એસ.પી.)



### માઈ ભક્તો સાષ્ટાંગ દંડવત કરતા ખેડબ્રહ્મા પહોંચ્યા

મા ભગવતીના દર્શન અને બાધા પુરી કરવા લાખો શ્રદ્ધાળુઓ ઉમટી રહ્યા છે. ત્યારે પ્રાંતિજ તાલુકાના તાજપુર કુઈ ગામના પટેલ ભૂપેન્દ્રભાઈ ગાંડાભાઈ બુધવારે સાષ્ટાંગ દંડવત કરતા ખેડબ્રહ્મા આવી પહોંચ્યા હતા. ભૂપેન્દ્રભાઈ તેમની બાધા પૂર્ણ થતાં બીજીવાર આવ્યા છે. તેમની સાથે અન્ય દસ શ્રદ્ધાળુઓ છે. અંબાજી મા ના દર્શન કરી ભૂપેન્દ્રભાઈ તેમની ટેક પુરી કરશે. ભૂપેન્દ્રભાઈ તથા તેમની સાથેના દસ શ્રદ્ધાળુઓ પણ અંબાજી દર્શન કરી ધન્યતા અનુભવશે. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# ખેડબ્રહ્માથી અંબાજી સુધી માનવ મહેરામણ ઉમટ્યો

ખેડબ્રહ્મા, તા. ૨૩

જગતજનની મા જગદંબાના ભાદરવી પૂનમના મહામેળામાં ખેડબ્રહ્માથી અંબાજી સુધીના ૫૦ કિ.મી.ના માર્ગ ઉપર શ્રદ્ધાળુઓનું કીડીયારૂ ઉમટી પડ્યું છે. હાથમાં લાલ ધજા તથા માડીનો રથ ખેંચતા ભક્તિભાવથી પદયાત્રીઓ અંબાજી તરફ અવિરત આગળ વધી રહ્યા છે.

ભાદરવી પૂનમે પગપાળા જતા સંઘોમાં ગુજરાતના પંચમહાલ-દાહોદ રાજપીપળા-ખેડા તથા રાજસ્થાનના સાગવડા-સલુંબર-ખેરવાડાના પદયાત્રીઓ ધ્યાન ખેંચતા હતા. પગપાળા જતા શ્રદ્ધાળુઓમાં વૃદ્ધો-યુવાનો, બાળકો અને મહીલાઓ જઈ રહી છે. ભાદરવી પૂનમે અંબાજી જતા પદયાત્રીઓ સાથે ભક્તોની શ્રદ્ધાના અવનવા કિસ્સા પણ ધ્યાન ખેંચે છે. ખેડબ્રહ્માથી અંબાજીના માર્ગ પર કેટલાક પરિવારો પોતાના બાળકોને જોળીમાં - બાબાગાડીમાં તો કોઈ તેડીને કોઈ સાયકલ પર કોઈ અપંગ ટ્રાઈસીકલમાં માના દરબારમાં માથુ ટેકવવા અંબાજી જતા નજરે પડે છે.

દસક્રોઈના સોલંકી ગોવિંદસિંહ લક્ષ્મણસિંહ તેમના બે દિકરા એક ૧૪ વર્ષ અને એક ૪ વર્ષનાને લઈ અંબાજી જઈ રહ્યા છે. તેઓ છેલ્લા દસ વર્ષથી અંબાજી બાધા પુરી થતાં પગપાળા જાય છે. વળી પેટલાદ તાલુકાના વડદલા ગામના જય અંબે પગપાળા સંઘના નેજા હેઠળ ૭૦ પદયાત્રીઓ છેલ્લા ચાર વર્ષથી અંબાજી પગપાળા જાય છે તેવું સંઘના અરવિંદભાઈ પ્રજાપતી અને રાજેશભાઈ પટેલે જણાવ્યું હતું.

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)



### પઢારામાંથી વિદેશી દારૂની ૧૫૬ બોટલ સાથે બે ની અટકાયત

ખેડબ્રહ્મા, તા. ૨૩

ખેડબ્રહ્મા તાલુકાના પઢારા ગામે પોલીસના પેટ્રોલીંગ દરમ્યાન વિદેશી દારૂની ૧૫૬ બોટલ સાથે રૂ. ૧,૫૬૦૦૦ના મુદ્દામાલ કબજે લઈ બેઈસમોની ધરપકડ કરી જેલના હવાલે કરી દીધા હતા. પઢારા ગામ પાસેથી રવિવારે રાત્રે આઠ વાગે પોલીસ પેટ્રોલીંગ દરમ્યાન સામેથી આવતા ડાલા નંબર જીજે૦૨વીવી૨૧૦૭ને ઉભુ રાખી તપાસ કરતા ડાલામાં લાકડાના પેટી પલંગમાં સંતાડેલ વિદેશી દારૂની ૧૫૬ બોટલ જેની કિંમત રૂ. ૫૨,૮૦૦ મળી આવતા જપ્ત કરી હતી. તદ્ ઉપરાંત રૂ. ૧૨૦૦નો મોબાઈલ રૂ. ૨૦૦૦નો લાકડાનો પેટી પલંગ તથા એક લાખના પીકઅપ ડાલા સહીત રૂ. ૧,૫૬૦૦૦નો મુદ્દામાલ કબજે લીધો હતો. પીકઅપ ડાલાના ચાલક વિપુલકુમાર માધવભાઈ પટેલ તથા અન્ય એક અલ્પેશકુમાર ભીખાભાઈ પટેલ બંને રે. જંત્રાલ, તા. વિજાપુરની ધરપકડ કરી જેલને હવાલે કરી દીધા હતા.

### મોડાસા-હિંમતનગર માર્ગ પર મુસાફરો ભરી

# બેફામગતિએ દોડતી ખાનગી જીપોથી પદયાત્રીઓમાં ફફડાટ

### મુસાફરો લેવાની લ્હાયમાં નિર્દોષ પદયાત્રીઓના જીવ જોખમમાં

મોડાસા, તા. ૨૩

હાલ જિલ્લાના તમામ માર્ગો પર અંબાજી જતા પદયાત્રીઓનો ખુબ મોટા પ્રમાણમાં ધસારો જોવા મળે છે ત્યારે મોડાસા-હિંમતનગર માર્ગ પર પણ હાલ ખુબ મોટી સંખ્યામાં દુર દુરથી પદયાત્રીઓ આવી રહ્યા છે તેમજ પદયાત્રીઓ સાથે નીકળેલા ટ્રેકટરો, ટ્રકો, રિક્ષાઓ તેમજ અન્ય વાહનોથી માર્ગો ભરચક થઈ ગયા છે. ત્યારે મોડાસા-હિંમતનગર માર્ગ પર મુસાફરો ભરી બેરોકટોક અને બેફામ ફરતી જીપોથી અને અન્ય ભારે વાહનોથી પદયાત્રીઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

એક બાજુ પદયાત્રીઓનાં



ટોળેટોળા માર્ગો પર જઈ રહ્યા છે ત્યારે મુસાફરો ભરીને ફરતી જીપોના ચાલકો ધીમી ગતિએ જવાનું નામ જ લેતા નથી અને મુસાફરો લેવાની લ્હાયમાં એકબીજાની ગફલતભરી રીતે ઓવરટેઈક કરતાં હોઈ પદયાત્રીઓ અને વિસામો કરનાર આયોજકોના જીવ પડીકે બંધાયા છે. શ્રદ્ધાપુર્વક અંબાજી જતા પદયાત્રીઓ સતત ડરના માહોલમાં હાલ રસ્તાઓ પર જઈ રહ્યા છે ત્યારે પદયાત્રીઓનો પ્રવાહ જોઈ ટ્રાફીક પોલીસ બેફામ ચાલતા જીપચાલકોને અને ભારે વાહનચાલકો ધીમી ગતિએ અને સાવચેતીપુર્વક વાહનો હંકારે તેવું નિયંત્રણ કરે તેવી પદયાત્રીઓ, વિસામાના આયોજકો તેમજ લોકોની માંગણી છે.

(તસવીર : જય અમીન, મોડાસા)



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

### ૨૨ પાટીદારોને કોર્ટમાં રજુ કરાતા જામીનપર છોડવામાં આવ્યા

ગઈકાલે તેનપુર ખાતે યોજાએલ શ્રંધ્ધાજલી કાર્યક્રમ બાદ હાર્દીક પટેલ ની ધરપકડ કરવા માટે પોલીસે હાર્દીક નો પીછો કર્યો હતો જયારે સભા મંજુર વગર યોજવામાં આવી હતી જેને લઈ ને પોલીસે ૨૨ પાટીદારો ની ગઈકાલે રાત્રે સર્ચ ઓપરેશન હાથ ધરી અટકાયત કરવામાં આવી હતી જે તમામ ને આજે મોડાસા ની કોર્ટ માં રજુ કરી ને વ્યકતી દીઠ ૫૦૦૦ ના જામીન ભરાવડાવી જામીન આપવામાં આવ્યા હતા

# બનાસકાંઠા જિલ્લા પંચાયતમાં પુનઃ ભાજપનો ભગવો લહેરાયો

### પ્રમુખપદે દિનેશભાઈ દવે અને ઉપપ્રમુખ પદે નીતાબેન પટેલ ચૂંટાયા

પાલનપુર, તા. ૨૩

બનાસકાંઠા જિલ્લા પંચાયતની મુદતના બાકીના અઢી વર્ષના સમયગાળા માટે આજે પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી યોજાતાં પુનઃ એકવાર ભારતીય જનતા પાર્ટીએ બાજી મારીને પ્રમુખ પદે સમૌ મોટા (તા. ડીસા) સીટના સભ્ય દિનેશભાઈ દવે અને ઉપપ્રમુખ પદે લક્ષ્મીપુરા (તા. પાલનપુર) સીટના સભ્ય નીતાબેન ભગવાનભાઈ ગામી (પટેલ) ચૂંટાઈ આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ - ઉપપ્રમુખના ઉમેદવારોને ૨૬ મત મળ્યા હતા જયારે કોંગ્રેસના ઉમેદવારોને ૨૨ મતો મળતાં તેમનો પરાજય થયો હતો.

બનાસકાંઠા જિલ્લા પંચાયતમાં પુનઃ ભાજપનો ભગવો લહેરાતાં ભાજપના કાર્યકરોમાં ઉત્સાહની લાગણી ફેલાઈ છે. જયારે આગામી નગરપાલિકાઓની ચૂંટણીઓમાં પણ ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય વિજય થશે તેવો આશાવાદ વર્તાઈ રહ્યાનું જિલ્લા મીડીયા સેલના કન્વીનર રૂપસિંગ ચૌહાણે જણાવ્યું હતું.



મોડાસા-શામળાજી રાજ્ય ધોરીમાર્ગ પર આવેલા જીવણપુર ખાતે મણિપુરાકંપા, ગણેશપુરાકંપા અને જીવણપુર ગામના ગ્રામજનોના સહયોગથી છેલ્લા ૧૫ વર્ષથી અંબાજી જતા પદયાત્રીઓ માટે ૧૦ દિવસ સુધી વિસામાના સેવાભાવી લોકો દ્વારા પદયાત્રીઓને ચા-નાસ્તો અને રહેવાની સેવા કરવાનો લાભ લીધો હતો. જેમાં અંબાજી પગપાળા યાત્રાએ જતા હજ્જારો પદયાત્રીઓએ ‘શિવશક્તિ’ વિસામાનો લાભ લીધો હતો. (તસવીર : જય અમીન, મોડાસા)

# પ્રાંતિજ નગરપાલિકાની વિવિધ સમિતિની રચના કરાઈ

પ્રાંતિજ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ ભાજપ શાસિત નગરપાલિકામાં સોમવારના રોજ કારોબારી તેમજ વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી હતી.

પ્રાંતિજ નગરપાલિકાના વિશાળ સભાખંડમાં સાબરકાંઠા જિલ્લા ભાજપના ઉપપ્રમુખ ભરતભાઈ પટેલ, શહેર પ્રમુખ સતિષભાઈ પંડ્યા તથા નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ તથા ઉપપ્રમુખ પંકજભાઈ મોદીની ઉપસ્થિતિમાં પાર્ટીની વ્હીપ મુજબ સમિતિઓની રચના કરવામાં આવી હતી. જેમાં કારોબારી ચેરમેન તરીકે જગદીશભાઈ કિંમતાણી, ટાઉન પ્લાનીંગ ચેરમેન તરીકે પ્રહલાદભાઈ પ્રજાપતિ, બાંધકામ સમિતિ ચેરમેન અરવિંદભાઈ પટેલ, શિક્ષણ સમિતિ અને સામાજીક ન્યાય સમિતિના ચેરમેન અરવિંદભાઈ પરમાર, દિવાબત્તી ચેરમેન હર્ષિદાબેન પારેખ, પાણી પુરવઠા દિલીપભાઈ રાવળ, આરોગ્ય મહેબુબભાઈ બલોચ, ગટર વ્યવસ્થા સરખીબેન રાઠોડ, વસુલાત રસીલાબેન રામી, ગુમાસ્તા ધારા નયનભાઈ દેસાઈ, સુવર્ણ જયંતિ હંસાબેન ભોઈ, તળાવ બ્યુટી ફીકેશન મુકેશભાઈ સથવારા, બગીચા સમિતિ જમનાબેન વણજારા તેમજ એસ્ટાબ્લીશમેન્ટ નિરવભાઈ પરીખને જવાબદારીઓ સોંપવામાં આવી હતી. જેમાં તમામ સભ્યોએ વધાવી લીધી હતી. જયારે કારોબારી સેમજ અન્ય સમિતિઓની રચના થતાં હવે નગરના વિકાસ માટે દરેક ચેરમેનોને પોત પોતાના વિભાગોની જવાબદારી અદા કરવા અપીલ કરવામાં આવી હતી.



ધનસુરા નજીકના સોનીપુર વડાગામ સ્ટેશન વિસ્તારમાં ભાદરવી સુદ નોમના રોજ વણઝારા સમાજ દ્વારા રામદેવ મહારાજના નેજા મહોત્સવ યોજાયો હતો. જેમાં વણઝારા સમાજના શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં જોડાયા હતા અને હર્ષોલ્લાસપૂર્વક રામદેવની આરાધના કરી હતી. (તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)